ગુજરાત સરકારના વર્ગ-૪ ના કર્મચારીઓને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ માટે તદર્થ (એડહોક ) બોનસ ચુકવવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- બનસ-૧૦૨૦૧૪ જીઓઆઇ-૮-ચ
સચિવાલય,ગાંધીનગર,
તા. ૦૭-૧૦-૨૦૧૪

**ઠ રા વ:-**

રાજ્ય સરકાર દ્વારા છઠ્ઠા અને પાંચમાં પગારપંચમાં વર્ગ-૪ ના સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતાં કર્મચારીઓને સને ૨૦૧૩-૨૦૧૪ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસના વેતન જેટલુ તદર્થ (એડહોક) બોનસ ચુકવવાનો નિર્ણય કરેલ છે. બોનસની રકમની વધુમાં વધુ મર્યાદા રૂ.૩૫૦૦/-ની રહેશે.

આ હુકમના હેતુ માટેઃ

(૧) પગાર એટલે ગુજરાત મુલ્કી સેવા નિયમો,૨૦૦૨ ના નિયમ ૯ (૫૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો પગાર.

(૨) જગ્યાંનો પગાર અથવા પગાર ધોરણ એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ માં તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારના ) નિયમો ૧૯૯૮ માં નિયત થયેલ અને સુધારવામાં આવેલ પગાર અથવા પગાર ધોરણ

૨. એડહોક બોનસનો લાભ નીચેની શરતોને આધીન રહીને મળવાપાત્ર થશે.

(૧) એડહોક બોનસનો લાભ ફકત વર્ગ-૪ ના કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૨) તા. ૩૧-૦૩-૨૦૧૪ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ દરમિયાન જેમણે ઓછામાં ઓછી ૬ (છ) મહીનાની સળંગ નોકરી કરી હોય તે કર્મચારીઓ આ હુકમ અન્વયે કરેલ નોકરીના પ્રમાણમાં ચુકવણીને પાત્ર બનશે. પાત્રતાનો ગાળો નોકરીમા મહિનાની સંખ્યા (નજીકના આખા મહિનામાં) ના આધારે ગણવામાં આવશે.

(૩) આ હુકમો હેઠળ મળવાપાત્ર તદર્થ બોનસનુ પ્રમાણ તારીખ-૩૧-૦૩-૨૦૧૪ ના રોજ મળવાપાત્ર મળતરના આધારે રહેશે.

(૪) એડહોક બોનસની રકમની ગણતરી સરેરાશ પગાર/ગણત્રી માટેની મર્યાદા એ બે માંથી જે ઓછી હોય તે મુજબ નક્કી કરવાની રહેશે.એક દિવસના એડહોક બોનસની ગણત્રી માટે એક વર્ષના મળતરને ૩૦.૪ થી ભાગવાનું રહેશે. ત્યારબાદ જેટલા દિવસનુ એડહોક બોનસ મંજૂર કરેલ હોય તેટલાએ તેનો ગુણાકાર કરવાનો રહેશે. દા.ત. પાંચમાં અને છઠ્ઠા પગારપંચ મુજબ જ્યાં રૂ.૩૫૦૦ થી વધુ પગાર હોય ત્યાં મહતમ મર્યાદા રૂ.૩૫૦૦/- ધ્યાને લેતાં ૩૦ દિવસનુ એડહોક બોનસ રૂ.૩૫૦૦ X 30 -:-30.૪= રૂ.૩૪૫૩.૯૫ (આખા રૂપિયામાં ૩૪૫૪ ) થશે .

( ૫) ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી દરેક વર્ષ માટે ઓછામાં ઓછા ૨૪૦ દિવસ માટે કામ કરેલ હોય તેવા છુટક મજૂરો આ તદર્થ બોનસની ચુકવણી માટે હકદાર બનશે.ખરેખર માસિક વેતનને ધ્યાનમાં લીધા સિવાય રૂ.૧૨૦૦/- કાલ્પનિક વેતનના આધારે આ રકમ ચુકવવામાં આવશે. ચુકવવા પાત્ર તદર્થ બોનસની રકમ રૂ. ૧૨૦૦X30-:-30.૪= રૂ.૧૧૮૪.૨૧ ( આખા રૂપિયામાં ૧૧૮૪) થશે. જે કિસ્સામાં ખરેખર માસિક મળતર રૂ.૧૨૦૦ કરતાં ઓછુ હોયતો રકમની ગણતરી ખરેખર માસિક મળતર ઉપર ગણવાની રહેશે.

(૬) આ હુકમો હેઠળની બધી ચુકવણી નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે.

(૭) ઉપયુકત જોગવાઇઓ કશુ જણાવતી ન હોઇ તેવી બાબતમાં તારીખ.૨૦-૦૫-૧૯૮૯ ના સરકારી ઠરાવ નં બનસ-૧૦૮૯-૧૫૬૫ ચ થી બહાર પાડેલ સ્પષ્ટીકરણાત્મક હુકમો અમલમાં રહેશે.

૩. ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ દરમિયાન બોર્ડ અને નિગમમાં પ્રતિનિયુક્તિ પર હોય તેવા વર્ગ-૪ ના કર્મચારીઓ પણ સંબંધિત બોર્ડ /નિગમમોમાંથી બોનસ મેળવવાને પાત્ર થશે.તેમણે સંબંધિત બોર્ડ /નિગમો પાસેથી

બોનસ આકારેલ હોય ત્યાં તેવા હુકમો અન્વયે તદર્થ બોનસ માટે હકદાર નથી.

૪. આ હુકમો હેઠળની ચુકવણી જે તે વિભાગના સંબંધિત અનુદાન હેઠળના વેતન હેઠળના વિગતવાર સદર બોનસ ખાતે ઉધારવાનુ રહેશે.

૫. ઉપર્યુક્ત હુકમો વર્ગ-૪ ના રાજ્ય સરકારના,પંચાયતના,અને પગાર ભથ્થાની ૧૦૦% ટકા સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે જેમને અગાઉ બોનસ અપાયેલ હોય તેવી સંસ્થાના વર્ગ-૪ ના કર્મચારીઓને લાગુ પડશે.

૬. રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ /કોર્પોરેશનોમાં ફરજ બજાવતાં વર્ગ-૪ ના કર્મચારીઓને પણ આ હુકમો લાગુ પડશે. પરંતુ બોનસ એકટ હેઠળ જે બોર્ડ/કોર્પોરેશનમાં જે કર્મચારીઓને બોનસ ચુકવવામાં આવતુ હશે તેઓને આ હુકમમાં જણાવ્યા મુજબનુ બોનસ ચુકવવાનુ રહેશે નહી.

૭. ઉપર-૫ માં દર્શાવેલ અનુદાન મેળવતી સંસ્થાઓ માટે આ હુકમથી થતુ ખર્ચ સહાયક અનુદાનના નિયત ઢાંચા પ્રમાણે અનુદાન માન્ય ખર્ચ તરીકે ગણવાનુ રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એચ.ડી.સેઇલર )
સંયુકત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજ્ય ,સચિવાલય,ગાંધીનગર.

માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,
- રજીસ્ટ્રાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો,
એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, પો.બો.નં. ૨૨૦, રાજકોટ-૩૬૦ ૦૦૧
એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ) ગુજરાત, એનેક્ષી બિલ્ડીંગ,પો.બો.નં. ૨૭, રાજકોટ/અમદાવાદ
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારી, નર્મદા યોજના ગાંધીનગર/વડોદરા.
સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ,
સ્થાનિક ભંડોળ હિસાબ, ડી.એ.ટી., ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
સર્વે માન્ય મંડળો (પંચાયત સેવાના એસોસિએશનો સહિત)
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

- પત્ર દ્વારા.

જા.નં. નકૃયુ/હિસાબ/બોનસ/ ૧૦૫૫-૧૨૫૫/૨૦૧૪.
તા. ૯/૧૦/૨૦૧૪.

ઉકત બાબતે યોગ્ય તથા ઘટતું કરવા સારૂ.

હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નકલ જયભારત સહ રવાના:
(૧) યુનિટ/સબ યુનિટ અધિકારીઓ તરફ જાણ સારૂ.